ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૨/૨૧-૨૨/ ૩૬૭૬ તારીખ : 13 DEC 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જાળેલા અરવિંદભાઈ કુબેરભાઈ,**
**મું.ઈસોરા, પોસ્ટ-દેવલી,**
**તા.તળાજા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૪૨/૨૧-૨૨

**મો.નં-૯૯૦૯૪ ૭૧૪૯૧**

**વિષય : સર્વે નં-૭૦ માં સ્થળ પર વિજ પુરવઠો શરૂ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૩/૦૮/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૮/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૧-૨૨/૨૫૯૮ તા.૦૧/૦૯/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૧-૨૨/૩૦૯૧ તા.૧૮/૧૦/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૧-૨૨/૩૪૪૩ તા.૨૦/૧૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૪/૧૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય **કચેરી-૨, તળાજા.**

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૨/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી જાળેલા અરવિંદભાઈ કુબેરભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૪/૧૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી જાળેલા અરવિંદભાઈ કુબેરભાઈ,(વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.એમ. ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

**શ્રી જાળેલા અરવિંદભાઈ કુબેરભાઈ,** મું.ઈસરો,પો. દેવલી, તા.તળાજા, જી. ભાવનગર ની નવું ખેતીવાડી કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૨/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૧–૨૨/૨૫૯૮ તા.૦૧/૦૯/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **, તા.૨૯/૧૦/૨૦૨૧ તથા તા.૦૪/૧૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે **શ્રી જાળેલા અરવિંદભાઈ કુબેરભાઈ,** હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી **એચ.એમ. ભોજાણી**, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હું શ્રી અરવિંદભાઈ કુબેરભાઈ જાળેલા, ગ્રાહક નં–૬૧૪૨૯/૦૫૧૯૯/૦ થી ખેતીવાડી વિજ કનેકશન ધરાવું છું. જે કનેકશન વર્ષ–૨૦૦૮ માં કંપની ના નિયમાનુસાર ચાર્જ ભરીને લીધેલ હતું.

૧.૨ આપની કચેરી તરફથી સર્વે નં–૭૦ પર ૩ પોલ ઉભા કરેલ છે અને એક પોલ પર મીટર લગાવી આપેલ છે. પરંતુ, ઈ.સ.૨૦૦૮ થી આજદિન સુધી વિજ પુરવઠો ચાલુ કરી આપેલ નથી. તેમજ ૨૦૦૮ થી આજદિન સુધી ની લેખિત અરજી નો કોઈ જવાબ પણ મને આપવામાં આવેલ નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ મારી તા.૧૫/૧/૨૦૧૮ ની પીજીવીસીએલ બોર્ડ, તળાજા ને અરજી ના અનુસંધાને વિજ પુરવઠો શરૂ કરેલ ન હોવા છતાં, માત્ર મીટર બદલાવી ગયેલ છે. હું સર્વિસ અન્વયે તળાજા રહેતો હોઉ, મીટર બદલાવવા બદલ નો તા.૫/૨/૨૦૧૮ નો રીપોર્ટ બાજુની વાડી વાળા પ્રશાંતભાઈ ગીરીશભભાઈ ને આપીને જતા રહયા હતા.

૧.૪ આમ, વિજ પુરવઠો ચાલુ કર્યા વગર જ મીટર લગાવી દેવામાં આવ્યુ હતું અને તા.૧૫/૨/૨૦૧૮ ની મારી અરજી અન્વયે વિજ પુરવઠો બંધ હોવા છતાં, કોઈપણ કારણ વગર મીટર બદલાવી નાંખવામાં આવેલ હતું.

૧.૫ સર્વે નં–૭૦ પરના કુવા પરથી પીયત કરવા માટે કયારેક જનરેટર તો કયારેક ૧૪૦૦ ફુટ દૂર થી પાણીની પાઈપ નાંખીને પિયત કરેલ છે. જે સ્થળ તપાસ અન્વયે, જોઈ શકાય તેમ છે.

૧.૬ મારૂં વિજ કનેકશન રદ ન થઈ જાય તે હેતુ થી મેં ઈ.સ–૨૦૦૮ થી આજદિન સુધી લઘુતમ દરે નિયમીત લાઈટ બિલ ની રકમ ભરેલ છે. જે માટે (૧) વિજ વપરાશ બિલ માર્ચ–એપ્રિલ–૨૦૦૮ (૨) વિજ વપરાશ બિલ જુન–જુલાઈ–૨૦૨૧ લાઈટ બિલ ની કોપી મોકલી આપુ છું.

૧.૭ પીજીવીસીએલ બોર્ડ સર્વે કરેલ પોલ થી જ મને વિજ પુરવઠો મળી શકે તેમ છે. તો, વહેલીતકે વિજ પુરવઠો શરૂ કરી અને ન્યાય આપવા યોગ્ય કરશોજી તેવી નમ્ર વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદીશ્રી અરવિંદભાઈ કુબેરભાઈ જાળેલા કે જેઆ ગ્રાહક નં–૬૧૪૨૯/૦૫૧૯૯/૦ થી ખેતીવાડી વિજ જોડાણ ધરાવે છે. જેની રેકર્ડ મુજબ કનેકશન રીલીઝ તા.૧૫/૧૨/૨૦૦૭ છે.

૨.૨ હાલમાં, તળાજા–૨ પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર માં આવતા ઈસોરા ગામના રહેવાસી અરવિંદભાઈ કુબેરભાઈ જાળેલા દ્વારા ઈસોરા ગામના સર્વે નં–૭૦ માં ૫ એચ.પી ના ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી કરેલ, વાદી દ્વારા જયારે ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી કરવામાં આવેલ ત્યારે, ઈસોરા ગામ ત્રાપજ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું હોય, ત્રાપજ પેટા વિભાગીય કચેરી દ્વારા અંદાજપત્ર અપાયેલ છે. જે અંદાજપત્ર વાદી દ્વારા ભરપાઈ કરેલ.

૨.૩ વાદી દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરતા કંપની ના નિયમ પ્રમાણે ત્રાપજ પેટા વિભાગીય કચેરી દ્વારા ખેતીવાડી વિજ જોડાણ આપવા માટે કાર્યવાહી કરવામાં આવેલ. જેમાં, વાદીની વાડીમાં વિજ લાઈન ના ત્રણ થાંભલા ઉભા કરીને બે ગાળાનું ત્રણ પોલ નું વાયરીંગ કરીને મીટર લગાવેલ છે. પરંતુ, જે વિજ પોલ પરથી ટેપીંગ કરવાનું હતું તે વિજ પોલમાંથી શરૂઆત ના ગાળાનું વાયરીંગ જે તે સમયે શેઢા પાડોશી દ્વારા વાંધો રજૂ કરતા સદર કામગીરી થઈ શકેલ નહી.

૨.૪ આ સમયગાળા દરમ્યાન ત્રાપજ પેટા વિભાગીય કચેરી નું વિભાજન થતા, ઈસોરા ગામની ખેતીવાડી વિસ્તાર તળાજા–૨ પેટા વિભાગીય કચેરી ના તાબા હેઠળ તબદીલી કરવામાં આવેલ.

૨.૫ સદર વિજ કનેકશન શરૂ કરવા માટે તળાજા–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા અવાર નવાર પ્રયત્નો કરવામાં આવેલ. પરંતુ, જે જગ્યા પરથી ટેપીંગ લેવાનું સર્વે કરવામાં આવેલ છે તે શેઢા પાડોશી શ્રી કરશનભાઈ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

જેશંકરભાઈ જાળેલા તેમજ તેમના દીકરાઓ દ્વારા સ્થળ પર કામ કરવા દેતા નથી અને વિજ લાઈન નું કામ કરવા ગયેલ કર્મચારી/કોન્ટ્રાકટરોના માણસો કરતા હોય છે.

૨.૬ શ્રી કરશનભાઈ જેશંકરભાઈ જાળેલ દ્વારા અવાર નવાર લેખિતમાં તેમજ તેમના વકીલ મારફત વાંધો રજૂ કરવામાં આવેલ. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૭ તા.૨૭/૮/૨૦૨૧ ના રોજ નાયબ ઈજનેર(ટેક), પાલીતાણા તથા નીચે સહી કરનાર દ્વારા સદર સ્થળ પર લાઈન સ્ટાફ અને કોન્ટ્રાકટર લઈ જઈ સદર પ્રશ્ન વાળા સ્થળે બાકી રહેલું કામ કરવા ગયેલ વાંધો રજૂ કરનાર શ્રી કરશનભાઈ તેમજ દિપકભાઈ કરશનભાઈ જાળેલા ને સમજાવી નિરાકરણ લાવવા પ્રયત્નો કરેલ. પરંતુ, તેઓ દ્વારા અમારી વાડીમાં પ્રવેશ કરતા નહી, તેમ કહી ધાક ધમકી આપેલ. સદર બાબતમાં વાદી તેમજ વાંધો રજૂ કરનાર બંને વચ્ચે પારીવારીક સમસ્યા હોય તેથી, તેનું નિરાકરણ આવતું નથી. તેવું સાબિત થાય છે.

૨.૮ સદર ખેતીવાડી વિજ કનેકશન વાદીશ્રી ના ખેતર ની બીજી જગ્યાએથી પણ કનેકશન મળી શકે તેમ છે. ત્યાં પણ શેઢામાં વિજ પોલ નાંખવા બાબતે વાદીશ્રી ને વાંધો છે. તેમજ અરજદાર અરવિંદભાઈ જાળેલા દ્વારા જયાં સર્વે થયેલ છે અને અધુરૂ રહેલું કામ છે તે જ જગ્યા પરથી વિજ કનેકશન આપવું તેવો ખોટો આગ્રહ રાખે છે. આમ, વાદીશ્રી ને તેમના ખેતર ની આજુબાજુ બધા જોડે તકરાર હોય, સદર કામગીરી થઈ શકેલ નથી.

૨.૯ વધુમાં, ફરીથી તા.૨૨/૯/૨૦૨૧ ના રોજ લાઈનસ્ટાફ અને કોન્ટ્રાકટર દ્વારા સદર પ્રશ્ન વાળા સ્થળે બાકી રહેલું કામ કરવા ગયેલ જયાં, સ્થળ પર દિપકભાઈ કરશનભાઈ જાળેલ રૂબરૂ આવીને અમારી વાડીમાં પ્રવેશ કરતા નહી તેમજ ધાક ધમકી આપેલ. જેથી, આ લાઈન કામ પોલીસ પ્રોટેકશન વગર કરી શકાય તેમ નથી.

૨.૧૦ વિભાગીય કચેરી ના પત્ર નં–(૧) પીડી/ટેક–૨/પ્રોટેકશન/૫૫૧૨ તા.૨૭/૮/૨૦૨૧ (૨) પીડી/ટેક–૨/પ્રોટેકશન/૫૯૯૧ તા.૨૪/૯/૨૦૨૧ તેમજ (૩) પીડી/ટેક–૨/પ્રોટેકશન/૬૧૮૫ તા.૦૬/૧૦/૨૦૨૧ ના રોજ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર ખાતે પોલીસ પ્રોટેકશન ની માંગણી કરવામાં આવેલ છે. આજદિન સુધી પોલીસ પ્રોટેકશન મળેલ નથી. કૌટુંબિક પ્રશ્ન અને લીગલ નોટીસ આપેલ હોય, પોલીસ દ્વારા પોલીસ પ્રોટેકશન મંજૂર થતું નથી.

૨.૧૧ તા.૨૪/૧૧/૨૦૨૧ ના રોજ નીચે સહી કરનાર તેમજ અત્રેની કચેરીના નાયબ ઈજનેર તેમજ તળાજા–૨ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ વાદી તેમજ શેઢા પાડોશી ને સમજાવવા ના પ્રયત્નો કરેલ. પરંતુ, વાદીના હઠાગ્રહ તેમજ શેઢા પાડોશી સાથે કૌટુંબીક સમસ્યા હોય, તેમજ ફરી તા.૩/૧૨/૨૦૨૧ ના રોજ સ્થળ તપાસ વખતે જાણવા મળેલ કે, ભૂતકાળમાં શેઢા પાડોશી ના વિજ કનેકશન આવેલ ત્યારે, વાદીશ્રી દ્વારા તેમના ખેતર ના શેઢા પર પણ વિજ લાઈન નાંખવા દીધેલ નહી અને વાંધો ઉઠાવેલ જેના કારણે, શેઢા પાડોશીની વિજ લાઈન જે તે સમયે ખેતર ની વચ્ચે વિજ લાઈન ઉભી કરી પાડોશીને વિજ કનેકશન આપેલ.જેથી,રી સર્વે કરવા જતાં હવે જો વાદીશ્રી ને વિજ કનેકશન લેવું હોય તો શેઢા પાડોશીના ખેતર માં થઈને વિજ લાઈન ખેંચવી પડે તેવી પરિસ્થિતિ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

વધુમાં, વાદીને તેમની આજુબાજુના બધા જ ખેડૂતોને વાંધો છે. જેથી, કોઈ જગ્યાએથી લાઈન ઉભી થઈ શકે તેમ નથી. તેમજ વાદીના પોતાના ખેતરમાં થઈને વિજ લાઈન ઉભી થઈ શકે તેમ છે. પરંતુ, વાદીશ્રી ના દૂરાગ્રહ ને કારણે, વિજ કનેકશન આજદિન સુધી મળી શકેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી જાળેલા અરવિંદભાઈ કુબેરભાઈ, ગામ– ઈસોરા, તા.તળાજા માં સર્વે નં–૭૦ માં ૫ એચ.પી નું ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ અને તે માટે પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર ભરપાઈ કરી આપેલ.

૩.૨ પ્રતિવાદી એ વાદીના નવા ખેતીવાડી વિજ જોડાણ માટે ૩ પોલ ઉભા કરી ૨ પોલ પર વાયરીંગ કરી અને વાદી ના વિજ સ્થાપન પર મીટર તેમજ કેબલ લગાડેલ. પરંતુ, શરૂઆત ના ગાળાનું વાયરીંગ વાંધો હોવાના લીધે બાકી રાખેલ.વાદીના બાજુના ખેતરવાળા કરશનભાઈ જે જાળેલા એ વાંધો લેતા એક ગાળાનું વાયરીંગ કરેલ નહી. તેથી વાદીનું વિજ જોડાણ નો પાવર ચાલુ થયેલ નહી. પરંતુ, પ્રતિવાદીએ વાદી નું વિજ જોડાણ ચાલુ થયા ની તા.૧૫/૨/૨૦૦૭ દર્શાવી અને વાદીના વિજ જોડાણ નું વિજ બિલ ચાલુ કરેલ. આમ, ડિસે–૨૦૦૭ થી પ્રતિવાદી વાદીના વિજ જોડાણ માટે મીનીમમ બિલ નિયમીત રીતે આપે છે. જે વાદી નિયમીત રીતે ભરપાઈ કરે છે.

૩.૩ વાદી એ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓએ નવા વિજ જોડાણનું અંદાજપત્ર ભરપાઈ કરી આપેલ તેમજ પ્રતિવાદી દ્વારા વિજ જોડાણ ચાલુ થયા અંગેનું દ્વિ માસીક નિયમીત રીતે વિજ બિલ આપવામાં આવે છે. જે વાદી ભરપાઈ કરી આપે છે. તેમ છતાં, આજ સુધી પ્રતિવાદીએ વાદીનું વિજ જોડાણ ચાલુ કરેલ નથી.

૩.૪ પ્રતિવાદી એ ૨૦૦૭ પછી અવાર નવાર વાદીનું વિજ જોડાણ ના બાકી રહેલ કામ માટે કોન્ટ્રાકટર તેમજ તેના માણસોને લાઈનકામ માટે મોકલેલ. પરંતુ, વાદીની બાજુના ખેતરવાળા કરશનભાઈ જેશંકરભાઈ જાળેલા તેમજ તેમના દિકરા સ્થળ પર કામ કરવા દેતા ન હતા અને અવાર નવાર વાંધો લેવાથી તેમજ તેમના દ્વારા ધમકી આપવાથી વાદી અને વાંધો લેનાર કરશનભાઈ વચ્ચે પારીવારીક ઝગડો ચાલુ રહેતા હોઈ, વાદીનું વિજ જોડાણ ચાલુ થઈ શકે નહી. પ્રતિવાદીએ વારંવાર પત્ર દ્વારા પોલીસ રક્ષણ માટે સંબંધિત પોલીસ અધિકારીને જાણ કરી અને પોલીસ રક્ષણ માંગેલ. પરંતુ, પોલીસ રક્ષણ ન મળવાથી વાદી ના વિજ જોડાણ ની કાર્યવાહી પૂર્ણ થઈ શકેલ નહી.

૩.૫ ઉપરની બાબતો ને ધ્યાનમાં રાખી તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન ફોરમે પ્રતિવાદી ના કાર્યપાલક ઈજનેર ને સ્થળ પર જઈ સર્વે કરવા માટે તેમજ વાદીનું વિજ જોડાણ બીજા કોઈપણ રૂટ ઉપર થી આપવા માટેની શકયતા તપાસવા નું જણાવેલ તથા ફોરમને રીપોર્ટ કરવા જણાવેલ. તા.૪/૧૨/૨૦૨૧ ના રોજ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પ્રતિવાદીએ ફોરમને સુનાવણી માં જણાવેલ કે, વાદીની બાજુમાં વાદીના પિતાશ્રી ની જમીન સર્વે નં–૬૮/૧ આવેલી છે ત્યાંથી પસાર થતી એલ.ટી.લાઈનમાંથી આશરે ૪૦૦ મીટર જેટલી લાઈન અને તેના થાંભલા કુબેરભાઈ (પિતા) ની જમીન ના શેઢે ઉભા કરી વાદીનું વિજ જોડાણ આપી શકાય છે.

૩.૬ સુનાવણી દરમ્યાન વાદીએ જણાવેલ છે કે, તેના પિતા કુબેરભાઈ ની જગ્યા પાસેથી પસાર થતી લાઈનમાંથી વાદીને વિજ જોડાણ આપવામાં આવે અથવા બીજી કોઈપણ આજુબાજુ ની લાઈન માંથી તેઓને વિજ જોડાણ આપવામાં આવે તો તેઓને કોઈપણ પ્રકારનો વાંધો નથી.

૩.૭ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ એલ.ટી.લાઈન અથવા તો એચ.ટી.લાઈનમાંથી ટ્રાન્સફોર્મર મૂકી અને વાદીના વિજ જોડાણ માટેની લાઈન કોઈપણ લાઈનમાંથી વિજ જોડાણ આપવા માટે જરૂરી કાર્યવાહી કરી દિવસ–૩૦ માં વાદીનું વિજ જોડાણ ચાલુ કરી આપવું. તેમજ વાદીની તા.૧૯/૧૧/૨૦૨૧ ની અરજી માં વાદીએ ભરેલ આજ સુધી ના મીનીમમ વિજ બિલ ના નાણાં પરત માંગેલ છે. કારણ કે, વાદીને ખરેખર વિજ જોડાણ નો પાવર મળેલ નથી. આથી, વાદીની આ રજૂઆત ને ધ્યાનમાં લઈ પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે, વાદીએ અત્યાર સુધી ભરેલ મીનીમમ બિલ ના નાણાં તેના વિજ જોડાણ ચાલુ કર્યા બાદ ખાતામાં જમા આપવા.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

તારીખ :– ૦૪/૧૨/૨૦૨૧.